## જન્મદિને વધામણી


હંસાબેન અનિલકુમાર જાની


નરેન્દ્ર પુરોહિત
મો. ૯૦૯૯૬ ૩૦૯૭૨


જનાર્દન એસ જોષી
ફોન : ૨૩૨૬૦૫૫૬


પ્રકાશભાઈ કુમુદચંદ્ર ઠાકર
મો. ૯૪૨૭૦ ૨૮૧૮૮


કશ્વી સંદીપકુમાર જોષી
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨


વંશી શુક્લ
મો. ૯૪૨૭૩ ૦૦૪૧૯

૨૫-૩-૧૬


જશુબેન ઠક્કર
મો. ૭૬૨૧૦ ૨૫૧૪૨

# ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે મંગળવારે ૨૦મો વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ તથા તૃતિય વર્ષની વિદ્યાર્થીઓને વિદાય આપવાનો કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં કથ્થક નૃત્ય, વિષ્ણુ સ્તુતિ, રાજસ્થાની નૃત્ય, આદિવાસી નૃત્ય, ફ્યુઝન ડાન્સ, સોલો ડાન્સ, સોલો ગીત, ગૃપ ડાન્સ તેમજ ભારતીય સંસ્કૃતિના ઉત્તમ સંસ્કાર - લગ્ન આધારિત સુંદર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ સાથે વિદ્યાર્થીનીઓ દ્વારા બેટી બચાવો અને બેટી પઢાઓ, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાળવો જેવા સંદેશા પણ પ્રસારિત કરવામાં આવ્યા હતા.

ઈનામ વિતરણ કાર્યક્રમમાં શૈક્ષણિક સિદ્ધિઓ તેમજ નૅશનલ, ઈન્ટરનૅશનલ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓ અને અભ્યાસ, ઈતર પ્રવૃત્તિઓમાં વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. કૉલેજનાં સામાન્ય મંત્રી કુ. દિવ્યા પ્રજાપતિ અને સાંસ્કૃતિક મંત્રી ભાર્ગવી પટેલનું પણ સન્માન કર્યું હતું.

શુભેચ્છા સમારોહમાં મુખ્ય મહેમાન શ્રી સિધ્ધેશ્વર સ્વામી અને શ્રી દિવ્ય પ્રકાશ સ્વામી, અખિલ ભારતીય મહાસભાના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મંત્રી માધુભાઈ, શંકરભાઈ, ગણેશભાઈ અને કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલા ચૌધરીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વચન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કલ્ચરલ કમિટીનાં ઈન-ચાર્જ પ્રા. સોનલ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. કમિટીના સભ્યો પ્રા. ગીતાબેન ચૌધરી, પ્રા. હેમાંગિનીબેન વાઘેલા, પ્રા. પ્રતિમાબેન છનિયારા, પ્રા. તારાબેન દેસાઈ, પ્રા. રાકેશભાઈ પટેલ, મિહિરભાઈ વ્યાસ, મનિષાબેન ચૌધરી અને બિન શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય સહયોગ આપ્યો હતો.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા શહીદોને પુષ્પાંજલિ



ગાંધીનગર, તા. ૨૩

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા દેશની આઝાદી કાજે શહીદ થયેલા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ૨૦૦થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

સ્વયંસેવકોએ આજના દિવસને બ્લૅક ડે તરીકે ઉજવ્યો હતો અને દેશની આઝાદી કાજે યુવાન વયે બલિદાન આપનાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુમાંથી પ્રેરણા લઈ દેશની સમસ્યાઓ માટે પ્રયાસરત થવાનો નિશ્ચય કર્યો હતો.

આ કાર્યક્રમનું આયોજન ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સાહિલ પટેલ, વિકાસ રાજગોર, જયવીરસિંહ વાઘેલા, શ્રવણ પટેલે જહેમત ઊઠાવી હતી.

વિદ્યાર્થીઓ સાથે ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રૉ. સમીરભાઈ પંડ્યા, પ્રૉ. સુજલભાઈ પાઠક, પ્રૉ. નીના ગણેશને પણ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.


બાપુ શ્રી શંકરસિંહ વાઘેલા નૉલેજ ઑફ વિલેજ, વાસન મુકામે તાજેતરમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના વરદ હસ્તે આઈટી ઍન્જિનિયરીંગની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવવા બદલ ગાંધીનગરના યુવાન ઋજિત મહેશભાઈ રાવલને સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યો હતો. આ પ્રસંગે લેવામાં આવેલી તસવીરમાં કૉલેજના મુખ્ય ટ્રસ્ટી અને ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દશ્યમાન થાય છે.

# રવિવારે અમદાવાદ ખાતે મ્યુઝીક થૅરપી ક્લિનિક અને રિસર્ચ સૅન્ટરનો આરંભ



ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ ખાતે આગામી તા. ૨૭ માર્ચના રોજ એક અનોખા ક્લિનિકનો પ્રારંભ થઈ રહ્યો છે, જેમાં દર્દીઓને સંગીતથી થૅરપી આપવામાં આવશે. ગાંધીનગર માટે સમાચાર એ છે કે ગાંધીનગરના જ યુવા તબીબ અને ગાંધીનગર સમાચારના કટાર લેખક ડૉ. કેદાર ઉપાધ્યાય આ ક્લિનિક સાથે સંકળાયેલા છે.

‘હીલિંગ વેવ્સ’ નામક આ મ્યુઝીક થૅરપી ક્લિનિક અને રિસર્ચ સૅન્ટરનો ઉદ્‌ઘાટન સમારોહ રવિવારે સવારે ૯.૪૫ કલાકે જે બી ઑડિટોરિયમ, અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશન, અટીરા કૅમ્પસ, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

આ સમારોહના મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી ડૉક્ટર સુધીર વિ શાહ, અતિથિ તરીકે યોગ ગુરુ સ્વામિ અધ્યાત્માનંદજી, ગુજરાત રાજ્યના ગ્રામ વિકાસ વિભાગના પ્રિન્સિપાલ સૅક્રેટરી અને કમિશનર ડૉ. જયંતિ રવિ, જી એ કૉલેજ, જામનગરના સ્વાસ્થ્યવૃત્ત અને યોગ વિભાગના હેડ ડૉ. અર્પણ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

આનંદનગર રોડ, સૅટેલાઈટ ખાતે ટાઈટેનિયમ સિટી સૅન્ટરમાં ‘હીલિંગ વેવ્સ’નો પ્રારંભ ડૉ. કેદાર થાનકી અને ડૉ. પાર્થ માંકડ દ્વારા કરવામાં આવી રહ્યો છે અને તેના માનદ સ્થાપક ધ્વનિત ઠાકર છે.

# હોળી રમવા પિચકારી મળી !!!


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૧ અને ૨ની ૩૩૧ વિદ્યાર્થીનીઓને ધૂળેટી પર્વની ઉજવણી નિમિત્તે શાળા દ્વારા પિચકારીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્યા નીરુબેન જે પટેલ દ્વારા દરેક વિદ્યાર્થીનીને આ પર્વ નિમિત્તે ઓછા પાણીનો વપરાશ કરી પાણીની બચત તથા ઈકો ફ્રેન્ડલી રંગોનો ઉપયોગ કરવા શીખ આપવામાં આવી હતી.


રાંધેજા ગાયત્રી પરિવાર તેમજ રાંધેજા કુમાર-કન્યા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા હોળીના પાવન પ્રસંગે અશ્લિલતા નિવારણ સંદેશ પ્રસારણ હેતુ ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ બૅનર્સના માધ્યમથી આ વિષયે જાગૃતિ ફેલાવવા પ્રયાસ કર્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કપૂર ઍન્ડ સન્સ
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
છોટા ભીમ (હિમાલયન ઍડવેન્ચર)
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
રાત્રે ૧૦.૦૦
નીરજા
૭.૧૫
ડૅર યુ
૧.૧૫
ચોરના ભાઈ ઘંટીચોર (ગુજરાતી)
૪.૧૫

**સ્ક્રીન-૫**
કપૂર ઍન્ડ સન્સ
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
૧.૦૦
જય ગંગાજલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## અશ્લિલતા નિવારણ માટે લેવા જેવા સંકલ્પ

ગાંધીનગર, તા. ૨૩

હોળી મહાપર્વની ઉજવણી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા અશ્લિલતા નિવારણ દિવસ તરીકે કરવામાં આવી છે ત્યારે નારી માત્રની સલામતી માટે પરિવાર દ્વારા જનસામાન્યને કેટલાંક પગલાં પણ સૂચવવામાં આવ્યાં છે.

★ અવાંચ્છનીય નારી ચિત્રો ધરાવતી જાહેરાતોના પોસ્ટરો ન જોવા અને અન્યોને તેના પર ધ્યાન કેન્દ્રીત ન કરવા સમજાવવું ટીવી, સિનેમામાં જોવા મળતી સિરીયલો, ગીત, ચલચિત્રો અને ચૅનલ જેમાં કામુકતાને બહેલાવતા કાર્યક્રમો આવતા હોય તે આપણે ન જોઈએ અને બીજાઓને પણ તેનાથી દૂર રહેવાની પ્રેરણા આપીએ.
કાલ્પનિક ઉત્તેજક, કથાવાર્તા, પુસ્તકો કે જે મનને વિકૃતિથી ભરી દે છે, તેનાથી દૂર રહીશું અને અન્યોને પણ દૂર રહેવા સમજાવીશું.
ગંદા ફિલ્મી ગીતો સાંભળવાં કે ગાવાં નહીં.
લગ્નમાં ફટાણા ગાઈશું નહિ અને આવાં ગીતોમાં ભાગ લઈશું નહિ.
પોતાના ઘરમાં કોઈ અશ્લિલ ચિત્ર ન ટાંગવું અને ટોળી બનાવી ઘરે ઘરે જઈને અન્ય ઘરો, મહોલ્લા, બજારમાં આવાં ચિત્રો ઉતારી નાખવા સમજાવવા અને તેને સ્થાને મહાપુરુષોના પ્રેરક ચિત્રો, શિક્ષાપ્રદ વાક્યો લગાવવા.
ગાળ, અપશબ્દ ક્યારેય ન બોલવાની પ્રતિજ્ઞા લેવી.

## ડીડી ગિરનાર પરથી ગૂડ ફ્રાઈડેનો કાર્યક્રમ પ્રસારિત થશે

ગાંધીનગર, તા. ૨૩

ગૂડ ફ્રાઈડે અંગેનો કાર્યક્રમ શુક્રવારે સવારે ૯ કલાકે અને ઈસ્ટર સન્ડેનો કાર્યક્રમ રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે ડીડી ગિરનાર દ્વારા પ્રસારિત કરવામાં આવશે.

મુકેશ લિમ્બાચિયા દ્વારા નિર્મિત આ કાર્યક્રમ અંગેનું લેખન ગાંધીનગરના કલાકાર હસમુખ મૅકવાન દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું સંકલન નિરવ મૅકવાન અને શૈલેષ રાઠોડ દ્વારા કરાયું છે. આ કાર્યક્રમમાં કેથલિક ચર્ચ, મહેમદાવાદ, આંકલાવ અને સૅન્ટ ઝેવિયર્સ લોયેલામાં કરવામાં આવેલા શૂટીંગના અંશો સમાવવામાં આવ્યા છે. સમગ્ર કાર્યક્રમને ભાવવાહી બનાવવા ફાધર અશોક વાઘેલા ઍસ જે ડાયરેક્ટર, ગુર્જરવાણી, અમદાવાદ દ્વારા ગીતો અને વિડીયોના સંકલિત અંશોનો વિશેષ સહયોગ આપ્યો છે. બંને પર્વોને અનુલક્ષીને સુંદર સંદેશ આર્ચડાયોસિસ ઑફ ગાંધીનગરના આર્ચ બિશપ થૉમસ મૅકવાને આપ્યા છે. કાર્યક્રમમાં પ્રવક્તાની ભૂમિકા બ્રિજીતા ક્રિશ્ચિયને નિભાવી છે.

# “કરિશ્મા-એ-નૌશાદ-મદનમોહન” કે કરિશ્મા-એ-શિવરંજની ?

ગાંધીનગરની જુની અને જાણીતી સંસ્થા શિવરંજની દ્વારા “કરિશ્મા-એ-નૌશાદ-મદનમોહન” નામનો સંગીત ક્ષેત્રના વિતેલા યુગના બે મહાન સંગીતકારોની યાદ તાજી કરાવતો કાર્યક્રમ શહેરના ટાઉનહોલમાં યોજાઈ ગયો.

વિસરાતા સૂરના પ્રણેતા શ્રી અંબરીષ પરીખે ૮૩ વર્ષની પાકટ ઉંમરે તેમની તબિયત સારી ના હોવા છતાં અને ડોક્ટરની કાર્યક્રમમાં ન જવાની સલાહ હોવા છતાં પણ હાજર રહીને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું અને શ્રોતાઓની તબિયત હલી જાય એવો માહોલ ઉભો કરી દીધો.

કાર્યક્રમમાં શોભના શંકર, પરાગી પરમાર, ધીરુભાઈ દેસાઈ, વિશ્વનાથ બાટુંગે, રાકેશ દવે અને આશુતોષ આર્ય જેવા કલાકારોની ગાયકીએ પોતાના સૂરોનો જાદૂ પાથર્યો. ઍન્કર તરીકે મોહસીન શેખની પ્રસ્તુતી લાજવાબ હતી. વચ્ચે વચ્ચે શ્રી અંબરીષ પરીખે પણ પોતાનાં કેટલાંક સ્મરણો વાગોળ્યા અને પ્રસંગોચીત તેનો ઉલ્લેખ કર્યો એટલે સમગ્ર કાર્યક્રમ એક વિશાળ કુટુંબ માટે જ યોજાયો હોય એમ લાગ્યું. આ એક પરિવાર માટેનો કાર્યક્રમ હોય તેની વધુ પ્રતીતિ તો ત્યારે થઈ જ્યારે શ્રી અંબરીષ પરીખે પોતે ફોડ પાડ્યો કે “બન્ને સંગીતકારોની ઉત્તમ ગણાય તેવી બધી રચનાઓ આવી જાય અને સંસ્થાના સભ્ય ગુણીજનો રસપૂર્વક તેનો આસ્વાદ માણી શકે એવા ગીતોને પસંદ કરવા શ્રી વાગ્મિન બુચ સાહેબે રસ લઈને અમારી સાથે બેઠકો કરી છે અને કેટલાક ગીતોમાં ગીટારનું વાદ્ય હોવાથી તે ગીતો રજુ કરવાની અમારી મુશ્કેલી આસાન કરી નાખે એવું સુચન કર્યું તે અંગે તેમની સૂઝ દાદ માંગી લે તેવી છે જેનું સંશોધન મારે કરવું પડશે” આ વાત એટલે લખવી પડે કે કાર્યક્રમને સફળ કરવા જેટલી પૂર્વતૈયારી હોય તેટલી કાર્યક્રમની ગુણવત્તા ઉંચી જાય અને પ્રેક્ષકોને જકડી રાખવામાં કારગર નીવડે જે કાર્યક્રમને સાંભળતાં સૌ ગુણીજનોએ અનુભવ્યું હશે.



જે બે મહાન સંગીતકારોની રચના રજુ કરવાનો આશય હતો તેમના વિષે વચ્ચે વચ્ચે એવી વાતો જાણવા મળી કે તેમાં પણ લોકોને રસ પડ્યો. નૌશાદ સંગીતના બાદશાહ તો મદનમોહન ગઝલના શહેનશાહ હતાં...તેમના કામ પ્રત્યેની તેમની ચીવટ અને કેટલીક બાબતોમાં તેમના સિદ્ધાંતની દ્રષ્ટિએ તેમણે કેવી કેવી બાબતોને મહત્વ આપ્યું તે જાણીને એમ જરૂર લાગ્યું કે સંગીતની સાધનાનો દરજ્જો તેમણે એવી ખૂબીથી નિભાવ્યો કે તેમનો દરજ્જો કાયમ ઉંચો જ રહેશે.તેમની એવી લાજવાબ રચનાઓ રજુ થઈ કે તેની યાદી ઉપર નજર કરીએ તો થોડાંઘણા ગુણીજનો ક્રિકેટને માણવા ઘરે રોકાઈ ગયાં હશે તેમને એક વિચાર જરૂર આવશે કે ક્રિકેટની હાઈ લાઈટ જોવાની તક લેવાનું નક્કી કરીને કાર્યક્રમ માણવાનું નક્કી કર્યુ હોત તો....

ખેર તેમના માટે આ યાદી જ મનોરંજક બની રહેશે..(૧) ઈન્સાફકા મંદિર હૈ યે ભગવાનકા..(૨) નૈનોમેં બદરા છાયે..(૩) મોહે પનઘટપે નંદલાલ..(૪) ઈક શહનશાહને બનવા કે હસીં તાજમહલ..તો શ્રી કે.એલ.સાયગલના (૫) હાયે હાયે યે જાલીમ જમાના.... (૬) જબ દીલ હી તુટ ગયા...(૭) આવાજ દે કહાં હૈ..(૮) મેરે બચપનકે સાથી મુજે...(૯) મૈં તો તુમ સંગ નૈન મિલાકે..(૧૦) ઝુલેમેં પવનકી આઈ બહાર..(૧૧) કૌન આયા મેરે મનકે દ્વારે...(૧૨) મન તરપત હરી દર્શનકો આજ..(૧૩) તેરી મહફીલમેં કિસ્મત આજમાકે હમ ભી દેખેંગે...(૧૪) હમ પ્યારમેં જલને વાલોંકો ચૈન કહાં..(૧૫) મૈં તેરા ચાંદ તૂ મેરી ચાંદની... (૧૬) તુમ જો મિલ ગયે હો...(૧૭) ઐ દિલ જરા બતા દે...(૧૮) જા રે બદરા બેરી જા...(૧૯) મધુબનમેં રાધિકા નાચે રે..(૨૦) વો ભુલી દાસ્તાં લો ફીરે યાદ આ ગઈ...(૨૧) રંગ ઔર નૂરકી બારાત કીસે પેશ કરૂં..(૨૨) સુહાની રાત ઢલ ચુકી...(૨૩) યે દુનિયા યે મહેફીલ મેરે કામકી નહી..(૨૪) ઓ દુનિયાકે રખવાલે...(૨૫) તૂ ગંગાકી મૌજ મૈં જમનાકા ધારા...

કાર્યક્રમની રંગત એવી હતી કે સૂરની ધારા વહેતી રહે તો સારું...એમ લાગતું હતું પણ સમયની પાબંદીએ બધાને બેવડી જીત સાથે વિદાય લેવા મજબૂર કર્યા..એક મેચની અને બીજી એક ઉત્તમ કાર્યક્રમ માણ્યાની... અસ્તુ.. શિવરંજનીને અભિનંદન... પૂરાં થતાં વર્ષને યાદગાર બનાવવા બદલ.

- નરેશ ઝીંઝુવાડીયા

## રંગોત્સવની હોળી રે આવી

વસંતનાં ગીતો ગુંજાવી
ફૂલભર્યો ફાગણિયો લાવી
અંતરમાં ઊર્મિ પ્રગટાવી
નર્તન કરતી હોળી રે આવી
આમ્રકુંજો મહીં રસ રેલાવી
પુષ્પ-પરિમલનો લહેરાવી
રંગ અજબ ઉરમાં રંગાવી
પ્રેમ-રંગની મોસમ લાવી
ઉમંગઘેલા સાદ સુણાવી
ઢોલી તણા શતનાદ ગજાવી
કાન-ગોપીની યાદ જગાવી
રંગ રસીલી હોળી રે આવી
ભક્તિભાવની જ્યોત જલાવી
ભક્તજનોમાં શ્રદ્ધા લાવી
હર માનવની ગમગીની ભુલાવી
ઉમંગદાયિની હોળી રે આવી
ધર્મ-જાતિ સઘળાં વિસરાવી
સ્નેહ તણી સૌરભ પ્રસરાવી
પ્રિયજનનાં હૈયાં હરખાવી
મનભાવન આ હોળી રે આવી
મહોબતની સરગમને બજાવી
સ્નેહભર્યા શમણાઓ સજાવી
પૂર પ્રેમ હૈયે છલકાવી
રંગોત્સવની હોળી રે આવી

- ભરત કવિ ‘ઊર્મિલ’